376

# ઉપયોગ



(314) 837-8101

November 20,2018

## ઉપયોગ

**આપણે ઉપયોગ વિષે સ્વાધ્યાય કરીએ એ પહેલાં આપણે કાળના માપ, દ્રવ્ય ઈન્દ્રિય, ભાવ ઈન્દ્રિય, દર્શન અને જ્ઞાન વિષે જાણીશું.**

## કાળના માપ

| | | | |
|---|---|---|---|
| સમય | = | સૂક્ષ્મમાં સૂક્ષ્મ અવિભાજ્ય કાળ, આંખના એક પલકારાના અસંખ્યાતમા ભાગ પ્રણામ | |
| આવલિકા | = | અસંખ્યાતા સમય | |
| ક્ષુલ્લકભાવ | = | ૨૫૬ આવલિકા | |
| શ્વાસ | = | અસંખ્યાતા આવલિકા | |
| પ્રાણ | = | ૨ શ્વાસ | |
| સ્તોક | = | ૭ પ્રાણ | |
| લવ | = | ૭ સ્તોક | |
| | | | (* શાલીભદ્ર, ધન્નાજી ) |
| ઘડી | = | ૩૮.૫ લવ ( ૭ લવ = ૪.૩૬ મિનિટ ) | |
| મુહૂર્ત | = | ૭૭ લવ = ૨ ઘડી | = ૪૮ મિનિટ |
| મુહૂર્ત | = | ૧,૬૭,૭૭૨૧૬ આવલિકા, ૬૫૫૩૬ ક્ષુલ્લકભાવ | |
| અંતરમુહૂર્ત | = | એક મુહૂર્તથી ઓછું<br>એક મુહૂર્તમાં નિગોદના જીવો ૬૫,૫૩૬ ભવ કરે છે. | |
| અહોરાત્રિ | = | ૧ દિવસ અને ૧ રાત | = ૨૪ કલાક |
| પક્ષ | = | ૧૫ અહોરાત્રિ; | = પખવાડીયું |
| માસ | = | ૨ પક્ષ | |
| વર્ષ | = | ૧૨ માસ | |
| યુગ | = | ૫ વર્ષ | |
| પૂર્વાંગ | = | ૮,૪૦૦,૦૦૦ વર્ષ | = ૮૪ લાખ વર્ષ |
| પૂર્વ | = | ૮૪ લાખ પૂર્વાંગ | |
| કરોડ | = | ૧૦,૦૦૦,૦૦૦ | = ૧૦૦ લાખ |
| દેશોનપૂર્વક્રોડવર્ષ | = | એક કરોડ પૂર્વમાં કંઈક ઓછું | |
| કોટાકોટી | = | કરોડ x કરોડ | |
| પલ્યોપમ | = | ૮ માઈલ લાંબો, ૮ માઈલ પહોળો, અને ૮ માઈલ ઉંડો કુવો (પલ્ય) હોય તેમાં તાજા જન્મેલા બાળકના વાળના અતિ સૂક્ષ્મ કટકા કરી કુવામાં ઠાંસી ઠાંસીને ભરવામાં આવે કે જરા પણ જગ્યા રહે નહીં. આ કુવામાંથી દર ૧૦૦ વર્ષે વાળનો એક ટુકડો બહાર કાઢવાનો અને કુવો પૂર્ણપણે ખાલી થતાં જે સમય થાય તે એક પલ્યોપમ. | |
| સાગરોપમ | = | ૧૦ કોટાકોટી પલ્યોપમ | |
| ચોવીસી | = | ૧૦ કોટાકોટી સાગરોપમ | |

| અવસર્પિણીનો આરો | ઉત્સર્પિણીનો આરો | |
|---|---|---|
| પહેલો આરો | છઠ્ઠો આરો | = ૪ કોટાકોટી સાગરોપમ |
| બીજો આરો | પાંચમો આરો | = ૩ કોટાકોટી સાગરોપમ |
| ત્રીજો આરો | ચોથો આરો | = ૨ કોટાકોટી સાગરોપમ |
| ચોથો આરો | ત્રીજો આરો | = ૧ કોટાકોટી સાગરોપમ – ૪૨,૦૦૦ વર્ષ |
| પાંચમો આરો | બીજો આરો | = ૨૧,૦૦૦ વર્ષ |
| છઠ્ઠો આરો | પહેલો આરો | = ૨૧,૦૦૦ વર્ષ |
| | | ૧૦ કોટાકોટી સાગરોપમ |

### અનંત, અસંખ્યાત અને સંખ્યાતની સરખામણી

અનંત > અસંખ્યાત > સંખ્યાત

* શાલીભદ્ર અને ધન્નાજી અત્યારે સર્વાથસિધ્ધ વિમાનમાં બિરાજે છે. મોક્ષ માટે શાલીભદ્ર અને ધન્નાજીને ૭ લવનું આયુષ્ય ઓછું પડ્યું. અથવા ૭ લવ પહેલાં ચારિત્ર ગ્રહણ કરેલ હોત તો બધા કર્મનો ક્ષય કરીને મોક્ષ પ્રાપ્ત કર્યું હોત.

## ઈન્દ્રિયો

ઈન્દ્રિયો જીવરૂપી ઈન્દ્રના અસ્તિત્વનું ચિન્હ છે. જીવનું લક્ષણ ચેતના છે. યોગ અને ઈન્દ્રિયોના માધ્યમથી ચેતનાની અભિવ્યકિત (પ્રગટ થવું ) થાય છે. જીવ બાહ્ય જગતનું જ્ઞાન ઈન્દ્રિયો દ્વારા જ પ્રાપ્ત કરે છે. જીવનો વિકાસ ઈન્દ્રિયોથી જાણી શકાય છે.

ઈન્દ્રિયોના બે પ્રકાર છે : દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય (લબ્ધિ).

### દ્રવ્યેન્દ્રિય

દ્રવ્યેન્દ્રિયના બે પ્રકાર છે : નિવૃત્તિ અને ઉપકરણ.

૧. નિવૃત્તિ (રચના –આકાર) પુદ્‌ગલ પ્રદેશોથી બનેલી શરીર ઉપર દેખાતી આકૃતિ નિવૃત્તિ.
નિવૃત્તિના બે પ્રકાર છે. બાહ્ય આકાર અને અભ્યંતર આકાર

૨. ઉપકરણ (ઉપકારક) ઈન્દ્રિયોની બાહ્ય રચનાની અંદર અત્યંત સૂક્ષ્મ પુદ્‌ગલોની બનેલી શકિત.
બાહ્ય ઈન્દ્રિય સ્પર્શરૂપ છે. તેને વિષયનો બોધ નથી થતો. ઉપકરણથી બોધ થાય છે.

### ભાવેન્દ્રિય (લબ્ધિ)

જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઈન્દ્રિયોને જાણવાની આત્મામાં પ્રગટ થતી શકિત.

## ઉપયોગ કોને કહેવાય ? તેના ભેદ કેટલા ?

'ઉપ યુજ્યતે અનેન સ ઉપયોગ'
જેના વડે જીવ વસ્તુનું જ્ઞાન કરવામાં પ્રવૃત્ત થાય, અથવા જેના વડે પદાર્થનો બોધ થાય.
એટલે કે જીવનો બોધરૂપ તાત્વિક વ્યાપાર તે ઉપયોગ.

આ ઉપયોગ તે જીવનું લક્ષણ છે તે જીવ દ્રવ્યને છોડી બીજા કોઈમાં હોતો નથી.

ઉપયોગને વધુ વિગતવાર દર્શાવીએ તો ઉપયોગ એટલે લબ્ધિના સામર્થ્યથી આત્મા ઈન્દ્રિયોના વિષયમાં પ્રવૃત થાય; અર્થાત સમય પર ઈન્દ્રિયો કામ આપે. જેમકે શ્રોત્રેન્દ્રિય સાંભળવાનું, ચક્ષુરિન્દ્રિય દેખવાનું વગેરે.


લબ્ધિ, નિવૃત્તિ અને ઉપકરણ એ ત્રણે મળવાથી જે સ્પર્શાદિ વિષયનો બોધ થાય તે ઉપયોગ. બધી લબ્ધિનો એક જ સમયે ઉપયોગ થતો નથી. એટલે લબ્ધિનો વ્યાપાર–પ્રવૃતિ તે ઉપયોગ છે.

### ઉપયોગના બે પ્રકાર છે.

૧. સાકાર ઉપયોગ
પદાર્થના વિશેષ સ્વરૂપનો બોધ જેના દ્વારા થાય તેને સાકાર ઉપયોગ કહેવાય છે. અથવા જ્ઞાન ઉપયોગ કહેવાય છે.
સાકાર ઉપયોગના ૮ ભેદ છે ; ૫ જ્ઞાન અને ૩ અજ્ઞાન.

૨. અનાકાર ઉપયોગ
વસ્તુના સામાન્ય ધર્મનો બોધ જેના દ્વારા થાય તેને અનાકાર ઉપયોગ કહેવાય છે. અથવા દર્શન ઉપયોગ કહેવાય છે.
અનાકાર ઉપયોગના ૪ ભેદ છે ; ૪ દર્શન.

સાકાર અને અનાકાર બન્ને ભેગા મળી કુલ ૧૨ ઉપયોગ છે.



## ઈન્દ્રિયોની પ્રાપ્તિનો ક્રમ અને ઉપયોગ

(૧) લબ્ધિ (૨) બાહ્ય આકાર (૩) અભ્યંતર આકાર (૪) ઉપકરણ અને (૫) ઉપયોગ

## ઈન્દ્રિયની પૂર્ણતા અને અપૂર્ણતા

ઈન્દ્રિય જ્યારે લબ્ધિ, નિવૃત્તિ, ઉપકરણ અને ઉપયોગ ચારે પ્રકારે હોય ત્યારે તે પૂર્ણ કહેવાય છે.

અને ચારે પ્રકારોમાં જેટલી ન્યૂનતા તેટલી ઈન્દ્રિયોમાં અપૂર્ણતા.

જેમ કે નિવૃત્તિ હોય પણ ઉપકરણ ઈન્દ્રિય ન હોય તો વિષયનો બોધ થતો નથી. ચક્ષુ કે કાનનો બાહ્ય આકાર હોય પણ ઉપકરણરૂપ ઈન્દ્રિય ન હોય તો જીવને જે તે ઈન્દ્રિયના વિષયનો બોધ થઈ શકતો નથી.

બાહ્ય નિવૃત્તિ (આકાર) અનેક પ્રકારની હોય છે. અભ્યંતર નિવૃત્તિ દરેક જીવને સરખી હોય છે.

દ્રવ્યમાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ આ ચારે અવસ્થાઓ દરેક ભાગમાં સાથે રહે છે.
પરંતુ ઈન્દ્રિયનો જે વિષય હોય તેને જ ઈન્દ્રિય ગ્રહણ કરે, બીજા વિષયોને ગ્રહણ કરતી નથી.

## દ્રવ્ય અને ભાવ ઈન્દ્રિયો

| | દ્રવ્યેન્દ્રિય | ભાવેન્દ્રિય (જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ) |
|---|---|---|
| એકેન્દ્રિય | ૧ | ૫ |
| બેઈન્દ્રિય | ૨ | ૫ |
| તેઈન્દ્રિય | ૩ | ૫ |
| ચઉરિન્દ્રિય | ૪ | ૫ |
| સંમૂર્ચ્છિમ મનુષ્ય | ૫ | ૫ |
| સંમૂર્ચ્છિમ તિર્યંચ | ૫ | ૫ |
| ગર્ભજ તિર્યંચ | ૫ | ૫ |
| ગર્ભજ મનુષ્ય | ૫ | ૫ |
| દેવ | ૫ | ૫ |
| નારક | ૫ | ૫ |
| કેવલી ભગવંતો | ૫ | ૫ |
| સિધ્ધ ભગવંતો | ન હોય | ૫ |

માતા–પિતા દ્વારા ગર્ભમાં ઉત્પન્ન થાય અને જન્મે તે ગર્ભજ.
માતા–પિતા વિના જ તેવા પ્રકારની અનુકૂળતા મળવાથી જ ઉત્પન્ન થાય તે સંમૂર્ચ્છિમ.

દરેક જીવને પાંચે ભાવેન્દ્રિય સદાકાળ માટે હોય છે.

સંસારી જીવનું સુખ ઈન્દ્રિયોને આધીન છે.
સિધ્ધ ભગવંતોનું અતીન્દ્રિય સુખ આત્માને આધીન છે.

## દર્શનના ચાર ભેદ

### ૧. ચક્ષુ દર્શન
ચક્ષુ વડે પદાર્થના સામાન્ય ધર્મને જાણવાની જીવની શકિત.

### ૨. અચક્ષુ દર્શન
ચક્ષુ સિવાયની ઈન્દ્રિય અને મન વડે પદાર્થના સામાન્ય ધર્મને જાણવાની જીવની શકિત.

### ૩. અવધિ દર્શન
સાક્ષાત્ આત્માથી (ઈન્દ્રિય અને મનની સહાય વિના) રૂપી દ્રવ્યોના (પદાર્થોના) સામાન્ય ધર્મને જાણવાની જીવની શકિત.

### ૪. કેવલ દર્શન
સાક્ષાત્ આત્માથી લોક–અલોકના, ત્રણે કાળના, સર્વરૂપી અરૂપી દ્રવ્યોના (પદાર્થોના) સામાન્ય ધર્મને સમકાળે જાણવાની જીવની (કેવલજ્ઞાનીની) શકિત.

* મનઃપર્યવ જ્ઞાનમાં પ્રથમ સમયથી જ વિશિષ્ટ બોધ થતો હોવાથી ત્યાં દર્શન (સામાન્ય બોધ)ની જરૂર રહેતી નથી.

## દર્શનોપયોગના ચાર ભેદ
૧. ચક્ષુદર્શનોપયોગ,
૨. અચક્ષુદર્શનોપયોગ,
૩. અવધિદર્શનોપયોગ અને
૪. કેવલદર્શનોપયોગ

## જ્ઞાનના પાંચ ભેદ

### ૧. મતિજ્ઞાન
ઈન્દ્રિય અને મન વડે, શબ્દ અને અર્થ (પદાર્થ) ના સંબંધ વિના, શબ્દ કે અર્થના વિશેષ ધર્મને જાણવાની જીવની શકિત.

### ૨. શ્રુતજ્ઞાન
ઈન્દ્રિય અને મન વડે, શબ્દ અને અર્થ (પદાર્થ) ના સંબંધ સહિત, શબ્દ અને અર્થના વિશેષ ધર્મને જાણવાની જીવની શકિત.

### ૩. અવધિજ્ઞાન
સાક્ષાત આત્માથી ( ઈન્દ્રિય અને મનની સહાય વિના) રૂપી દ્રવ્યોના વિશેષ ધર્મને જાણવાની જીવની શકિત.
(મિથ્યાદૃષ્ટિઓનું તે વિભંગજ્ઞાન ગણાય છે.)

### ૪. મન: પર્યવજ્ઞાન
સાક્ષાત આત્માથી, અઢી દ્વીપમાં (મનુષ્ય લોકમાં) રહેલ સંજ્ઞી (મનવાળા) જીવોના દ્રવ્યમનને (મનના પુદ્ગલોને) જાણવાની જીવની શકિત.

### ૫. કેવળજ્ઞાન
સાક્ષાત્ આત્માથી લોક–અલોકના, ત્રણે કાળના, સર્વરૂપી અરૂપી દ્રવ્યોના વિશેષ ધર્મને સમકાળે જાણવાની જીવની (કેવલજ્ઞાનીની) શકિત.

## અજ્ઞાનના ત્રણ ભેદ
૧. મતિ અજ્ઞાન
૨. શ્રુત અજ્ઞાન
૩. વિભંગ અજ્ઞાન
મિથ્યાદૃષ્ટિનું સઘળું જ્ઞાન અજ્ઞાન કહેવાય છે.
મિથ્યાદૃષ્ટિઓને બાકીના બે જ્ઞાન મન:પર્યવ અને કેવલ હોતા નથી.

## જ્ઞાનોપયોગના આઠ ભેદ
૧. મતિજ્ઞાનોપયોગ
૨. શ્રુતજ્ઞાનોપયોગ
૩. અવધિજ્ઞાનોપયોગ
૪. મન:પર્યવજ્ઞાનોપયોગ
૫. કેવલજ્ઞાનોપયોગ

૬. મતિ અજ્ઞાનોપયોગ
૭. શ્રુત અજ્ઞાનોપયોગ અને
૮. વિભંગ જ્ઞાનોપયોગ

### સંસારી જીવોને દર્શનોપયોગ અને જ્ઞાનોપયોગ

સંસારી જીવોને પહેલા અંતર્મુહૂર્ત સુધી દર્શનોપયોગ હોય છે, અને પછીના અંતર્મુહૂર્ત સુધી જ્ઞાનોપયોગ હોય છે.
ફરી અંતર્મુહૂર્ત સુધી દર્શનોપયોગ, પછી અંતર્મુહૂર્ત સુધી જ્ઞાનોપયોગ હોય છે.
એમ અંતર્મુહૂર્ત – અંતર્મુહૂર્તના આંતરે દર્શનોપયોગ – જ્ઞાનોપયોગ ચાલ્યા કરે છે.
તેથી જ્યારે દર્શનોપયોગ હોય ત્યારે જ્ઞાનોપયોગ ન હોય, અને જ્ઞાનોપયોગ હોય ત્યારે દર્શનોપયોગ ન હોય.

### કેવળજ્ઞાનીને જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ

કેવળજ્ઞાનીને કેવળજ્ઞાનની ઉત્પત્તિના પ્રથમ સમયે કેવળજ્ઞાનોપયોગ અને પછીના સમયે કેવલદર્શનોપયોગ હોય છે.
એ પછીના સમયે કેવળજ્ઞાનોપયોગ, અને પછીના સમયે કેવલદર્શનોપયોગ હોય છે.
એમ સમય–સમયના આંતરે કેવળજ્ઞાનોપયોગ – કેવલદર્શનોપયોગ ચાલ્યા કરે છે.

### સિધ્ધને જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ

એ જ રીતે સિધ્ધ થવાના પ્રથમ સમયે કેવળજ્ઞાનોપયોગ અને બીજા સમયે કેવલદર્શનોપયોગ, એ રીતે સમય–સમયના આંતરે સદાકાળ ચાલ્યા કરે છે.

તેથી કેવલી અને સિધ્ધને પણ કેવલજ્ઞાન અને કેવલ દર્શન લબ્ધિરૂપે સમકાળે હોવા છતાં બન્ને ઉપયોગ એક સાથે હોતા નથી.

### લબ્ધિઓ જ્ઞાનોપયોગ હોય ત્યારે જ ઉત્પન્ન થાય છે.

સમ્યક્ત્વ, અવધિજ્ઞાન, કેવલજ્ઞાન, મોક્ષ વગેરે સર્વ પ્રકારની લબ્ધિઓ સાકારોપયોગ (જ્ઞાનોપયોગ) હોય ત્યારે જ ઉત્પન્ન થાય છે. અનાકારોપયોગ (દર્શનોપયોગ) હોય ત્યારે ઉત્પન્ન થતી નથી.

જ્ઞાનાવરણીય કર્મ અને દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી સંસારી જીવોને દર્શન અને જ્ઞાન ઓછા–વત્તા પ્રમાણમાં હોય છે, જ્યારે તે કર્મોનો નાશ થવાથી કેવલી અને સિધ્ધને તે સંપૂર્ણપણે પ્રગટ હોય છે.

જેમને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું હોય તેમને એક જ કેવલજ્ઞાન જ હોય, બાકીના ચાર જ્ઞાન ન હોય (કેવલજ્ઞાનમાં જ હોય).


## કયા જીવોને કેટલા દર્શન, જ્ઞાન, અજ્ઞાનનો ઉપયોગ

| જીવભેદ | દર્શન | જ્ઞાન | અજ્ઞાન | કુલ ઉપયોગ |
|---|---|---|---|---|
| એકેન્દ્રિય | ૧ (અચક્ષુ) | ×–મિથ્યાદષ્ટિ | ૨ (મતિ,શ્રુત) | ૩ |
| બેઈન્દ્રિય | ૧ (અચક્ષુ) | ૨ (મતિ,શ્રુત) | ૨ (મતિ,શ્રુત) | ૫ |
| તેઈન્દ્રિય | ૧ (અચક્ષુ) | ૨ (મતિ,શ્રુત) | ૨ (મતિ,શ્રુત) | ૫ |
| ચઉરિન્દ્રિય | ૨ (ચક્ષુ–અચક્ષુ) | ૨ (મતિ,શ્રુત) | ૨ (મતિ,શ્રુત) | ૬ |
| સં. પં. તિર્યંચ | ૨ (ચક્ષુ–અચક્ષુ) | ૨ (મતિ,શ્રુત) | ૨ (મતિ,શ્રુત) | ૬ |
| સંમૂ. મનુષ્ય | ૨ (ચક્ષુ–અચક્ષુ) | ૨ ×–મિથ્યાદષ્ટિ | ૨ (મતિ,શ્રુત) | ૪ |
| ગર્ભજ તિર્યંચ | ૩ (ચક્ષુ–અચક્ષુ–અવધિ) | ૩ (મતિ,શ્રુત,અવધિ) | ૩ (ચક્ષુ–અચક્ષુ–અવધિ) | ૯ |
| દેવ–નારક | ૩ (ચક્ષુ–અચક્ષુ–અવધિ) | ૩ (મતિ,શ્રુત,અવધિ) | ૩ (ચક્ષુ–અચક્ષુ–અવધિ) | ૯ |
| ગર્ભજ મનુષ્ય | ૪ (ચાર દર્શન) | ૫ (પાંચ જ્ઞાન) | ૩ (ત્રણ અજ્ઞાન) | ૧૨ |

### ૧૪ ગુણસ્થાનકમાં ૧૨ ઉપયોગમાંથી ( ૫ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૪ દર્શન ) કેટલા ઉપયોગ હોય ?

| | | |
|---|---|---|
| ૧, ૩ જે | ૬ ઉપયોગ | ૩ અજ્ઞાન અને ૩ દર્શન |
| ૧, ૪, ૫ મે | ૬ ઉપયોગ | ૩ જ્ઞાન અને ૩ દર્શન |
| ૬ થી ૧૨ માં | ૭ ઉપયોગ | ૪ જ્ઞાન અને ૩ દર્શન |
| ૧૩, ૧૪, સિધ્ધમાં | ૨ ઉપયોગ | કેવળ જ્ઞાન અને કેવળ દર્શન |

# ગુણસ્થાનક અને ઉપયોગ



## આધાર ગ્રંથો અને પ્રવચનો

(૧) સચિત જૈન તત્વ દર્શન – બા. બ્ર. પરમ પૂજ્ય શ્રી વનિતાબાઈ મહાસતીજી
(૨) દંડક પ્રકરણ – પ. પૂ. પંન્યાસશ્રી મલયકીર્તિ વિજયજી ગણિવર
(૩) છ આવશ્યકના રહસ્યો – પરમ પૂજ્ય આચાર્ય શ્રી વિજય નરવાહન સૂરિજી મહારાજ સાહેબ
(૫) કર્મગ્રન્થ – પરમ પૂજ્ય શ્રી શ્રીમદ્ દેવેન્દ્રસૂરિજી મહારાજ સાહેબ
(૬) આતમ જાગો – પરમ પૂજ્ય શ્રી કીર્તિયશસૂરીશ્વરજી મહારાજ સાહેબ

(૭) તત્વજ્ઞાન પ્રવેશિકા – પરમ પૂજ્ય પંન્યાસજી શ્રી કલાપૂર્ણવિજયજી મહારાજ સાહેબ
(૮) શ્રી જૈન તત્વપ્રકાશ – પરમ પૂજ્ય શ્રી અમોલખઋષિજી મહારાજ સાહેબ

(૯) નવ તત્વ પ્રકરણ – શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા
(૧૦) જૈન તત્વદર્શન – શ્રી કુંદકુંદ કહાન દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર

(૧૧) ચતુર્થ કર્મગ્રન્થ – પ્રવચન પ્રભાવક પરમ પૂજ્ય શ્રી ધીરજભાઈ મહેતા (પંડીત)
(૧૨) જૈન પારિભાષિક શબ્દકોષ – પ્રવચન પ્રભાવક પરમ પૂજ્ય શ્રી ધીરજભાઈ મહેતા (પંડીત)
(૧૩) તત્વમીમાંસા – પ્રવચન પ્રભાવક પરમ પૂજ્ય શ્રી સુનંદાબહેન વોહોરા